Extra No. 225

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**ના તારીખઃ ૧૫મી એપ્રિલ, ૨૦૨૫ના જાહેરનામાં **ક્રમાંક: જીએચકેએચ/૭૦/એસીડી/જીએફએ/ઈ-ફાઈલ/૨/૨૦૨૪/૩૨૮૯/ટ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Fisheries Act, 2003

ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ હેઠળ

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૨૦૨૫

ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક: જીએચકેએચ/૭૦/એસીડી/જીએફએ/ઈ-ફાઈલ/૨/૨૦૨૪/૩૨૮૯/ટ:- ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ના ગુજરાતના ૮મા)ની કલમ ૩૦ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદો, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તારીખ: ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચકેએચ/૨૬/એસીડી/જીએફએ/ઈ-ફાઈલ/૨/૨૦૨૪/૩૨૮૯/ટ હેઠળ તારીખ: ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-ખ-માં, પાના નં. ૩૭માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતાં;

અને સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં, કોઇ વાંધા અને સૂચનો મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત મત્સ્યોદ્યોગ અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ના ગુજરાતના ૮મા)ની કલમ ૩૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો, ૨૦૦૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત મત્સ્યોદ્યોગ (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

૨. ગુજરાત મત્સ્યોદ્યોગ નિયમો, ૨૦૦૩માં, નિયમ ૭માં, પેટા-નિયમ (૪૩) પછી, નીચેનો પેટા-નિયમ ઉમેરવો:-

"(૪૪) ટ્રૉલ જાળી દ્વારા માછીમારીના કિસ્સામાં, ટ્રૉલ જાળીના કોડ છેડા આગળ ટર્ટલ એક્સક્લુડર ડિવાઇસ (TED) જોડ્યા વિના કોઈ ટ્રૉલ જાળીનો માછીમારી માટે ઉપયોગ કરવો જોઇશે નહીં.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રાજેશ જોષી,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 22:11:53 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar